ફતેપુરામાં કૌટુંબિક કલેશમાં પુત્રએ પિતાની લાકડીના ફટકા મારી કરી હત્યાના બનાવમાં પોલીસની કામગીરી

હત્યારા પુત્રને ફતેપુરા પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી જેલના સળિયા પાછળ ધકેલ્યો

પત્નીને ઘરમાંથી કાઢી મૂકવા બાબતના પારિવારિક ઝઘડાએ મોટુ રૂપ ધારણ કર્યું

(પ્રતિનિધિ) સુખસર, તા.20 દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના કરમેલ ગામે એક ચોંકાવનારી અને અરેરાટીભરી ઘટના સામે આવી છે.જેમાં એક પુત્રએ પોતાના જ સગા પિતાની લાકડીના ફટકા મારીને નિર્મમ હત્યા કરી નાખી છે.પત્નીને ઘરમાંથી કાઢી મૂકવા બાબતના પારિવારિક ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં આ કરુણ અંજામ આવ્યો હોવાનું પોલીસ ફરિયાદમાં બહાર આવ્યું છે. મળતી વિગતો અનુસાર ફતેપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના મુજબ, આ ઘટના તારીખ ૧૮/૦૭/૨૦૨૬ ના રોજ સવારના આશરે ૦૬:૩૦ વાગ્યાની આસપાસ કરમેલ ગામના નીશાળ ફળિયામાં બની હતી. આરોપી બાબુભાઈ વાલાભાઈ પારગીએ પોતાના ૭૦ વર્ષીય પિતા વાલાભાઈ રૂપાભાઈ પારગી સાથે બોલાચાલી અને ઝઘડો કર્યો હતો. આરોપીએ પિતાને કહ્યું હતું કે, "તમે કેમ મારી પત્નીને ઘરમાંથી કાઢી દીધી છે?" આ બાબતે બોલાચાલી વધતા મામલો ઉગ્ર બન્યો હતો અને આવેશમાં આવીને પુત્ર બાબુભાઈએ ઘરમાંથી લાકડાનો ફટકો લાવી પિતા વાલાભાઈના માથાના પાછળના ભાગે જીવલેણ ઘા ઝીંકી દીધા હતા. માથામાં ગંભીર ઈજાઓ થવાને કારણે લોહીલુહાણ હાલતમાં વાલાભાઈને તાત્કાલિક સારવાર અર્થે ફતેપુરા સી.એચ.સી. (CHC) ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ સમગ્ર મામલે મૃતકના અન્ય પુત્ર કલજીભાઈ વાલાભાઈ પારગી (ઉંમર ૪૬ વર્ષ, ધંધોઃ ખેતી) એ ફતેપુરા પોલીસ સ્ટેશનમાં પોતાના સગા ભાઈ બાબુભાઈ વાલાભાઈ પારગી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફતેપુરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પી.એ.જાડેજાએ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ ૧૦૧(૧) અને ૧૦૩(૧) મુજબ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. પારિવારિક ઝઘડામાં પુત્ર દ્વારા જ પિતાની હત્યા કરાતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રભારી મંત્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળના કામોની સમીક્ષા બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) ગોધરા, તા.20 વિકેન્દ્રિત આયોજન અને MPLADs હેઠળ મંજૂર થયેલા ૮,૮૯૯ કામો પૈકી ૬,૭૮૦ કામો પૂર્ણઃ તમામ કામોની પખવાડિક ધોરણે સમીક્ષા કરવા પ્રભારી મંત્રીની સૂચના પ્રભારી મંત્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષસ્થાને શનિવારે કલેકટર કચેરી સભાખંડ, ગોધરા ખાતે જિલ્લા આયોજન મંડળના વિવિધ કામોની વિસ્તૃત સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકની શરૂઆતમાં જિલ્લા કલેકટર અજય દહિયા દ્વારા અધ્યક્ષનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સાથે ઉપસ્થિત જિલ્લા પંચાયત પ્રમુખ, સંસદ સભ્યો, ધારાસભ્યો તેમજ તમામ પદાધિકારીઓ અને અધિકારીઓનું પણ આવકારપૂર્વક સ્વાગત કરાયું હતું. ત્યારબાદ અધ્યક્ષની અનુમતિથી જિલ્લા આયોજન અધિકારી, પંચમહાલ, ગોધરા દ્વારા બેઠકના એજન્ડા મુજબ મુદ્દાવાર કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ સમીક્ષા બેઠકમાં વર્ષ ૨૦૨૩-૨૦૨૪, વર્ષ ૨૦૨૪-૨૦૨૫, વર્ષ ૨૦૨૫-૨૦૨૬ અને વર્ષ ૨૦૨૬-૨૦૨૭ દરમિયાન હાથ ધરાયેલા તમામ કામોની સંબંધિત અમલીકરણ અધિકારીઓ સાથે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે વિકેન્દ્રિત જિલ્લા આયોજન અને સંસદસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ (MPLADs) યોજના હેઠળ મંજૂર થયેલા કુલ ૮,૮૯૯ કામો પૈકી ૬,૭૮૦ કામો સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યા છે. બેઠકના અંતે માન. પ્રભારી મંત્રીશ્રી દ્વારા તમામ પ્રગતિ હેઠળના અને બાકી કામોને ઝડપથી પૂર્ણ કરવા માટે પખવાડીક (દર ૧૫ દિવસે) ધોરણે સતત સમીક્ષા કરી સમયમર્યાદામાં કામગીરી માટે સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી હતી.

અમદાવાદની ફટાકડા ફેક્ટરીમાં બ્લાસ્ટનો મામલો

સિંગવડના મલેકપુર ગામના પતિ-પત્નીનો ભોગ લેવાતા ગામમાં શોકની લાગણી

(પ્રતિનિધિ) રણધીકપુર, તા.20 અમદાવાદમાં આવેલી ફટાકડા બનાવતી ફેક્ટરીમાં અચાનક જોરદાર વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટમાં 10 જેટલા શ્રમિકોના મોત થયાના અહેવાલ છે. આ ફેક્ટરીમાં મલેકપુર ગામના ડામોર ગોવિંદભાઈ ગીમાભાઈ અને તેમના પત્ની ડામોર ઉષાબેન ગોવિંદભાઈ મજૂરી કામ માટે ગયા અને તેમના પેટનો ખાડો પૂરવા માટે પરિવાર બે વખતની રોટલી માટે અમદાવાદ કામ અર્થે ગયો હતો. જ્યારે આ ફેક્ટરીમાંવિસ્ફોટ થતા ઉષાબેનનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. જ્યારે ગોવિંદભાઈને ગંભીર ઈજા થતા તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ સારવાર દરમિયાન બીજા દિવસે ગોવિંદભાઈએ પણ દમ તોડ્યો હતો. જ્યારે આવા સમાચાર સાંભળતા મલેકપુર ગામના ડામોર ફળિયામાં રહેતા આ દંપતીના એક સાથે મૃત્યુના સમાચાર મળતા જ ગામમાં શોક છવાઈ ગયો. પરિવારના સભ્યો અને ગ્રામજનોના આંખો ભરાઈ આવી હતી. "બે હાથે મજૂરી કરીને ઘર ચલાવતા હતા. એક ઝટકામાં બંને ગુમાવ્યા" કહીને સગાઓએ આક્રંદ કર્યું જ્યારે આના સમાચાર સાંભળતા મલેકપુર ગામના આગેવાનો દ્વારા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી મૃત્યુ પામેલા મહિલાને મલેકપુર ગામ લાવવામાં આવ્યા હતા અને વિધિ કરવામાં આવી હતી જ્યારે બીજે દિવસે તેમના પતિ નું મૃત્યુ થતાં તેમને પણ મલેકપુર ગામે લાવવામાં આવ્યા હતા અને વિધિ કરવામાં આવી હતી.

કાલોલ તાલુકા કોંગ્રેસની કારોબારી મિટિંગ યોજાઈ

(પ્રતિનિધિ) કાલોલ, તા.20 ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા અને પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અજીતસિંહ ભાટીની સૂચના અને માર્ગદર્શન હેઠળ આજે તા. 20/07/2026, સોમવારે સવારે 10:30 કલાકે કોંગ્રેસ હાઉસ, સરદાર ભવન, કાલોલ ખાતે કાલોલ તાલુકા કોંગ્રેસ સમિતિ અને કાલોલ શહેર કોંગ્રેસ સમિતિની સંગઠન અંગેની કારોબારીની મિટિંગ યોજવામાં આવી હતી. આ સાથે વેજલપુર તાલુકા પંચાયતના સભ્ય ફુલસુમબીબી સલીમભાઈ કઠીયાનો સત્કાર સમારંભ પણ યોજાયો હતો.મિટિંગમાં પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અજીતસિંહ ભાટી અને પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ તથા પંચમહાલ જિલ્લાના પ્રભારી પી.એમ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. બંને મહાનુભાવોએ સંગઠનને વધુ મજબૂત બનાવવા અંગે કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું. જ્યાં કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ફુલસુમબીબી કઠીયાનું પુષ્પગુચ્છ અર્પણ કરી અભિનંદન પાઠવી સત્કાર કરવામાં આવ્યો હતો.

૨૦ જેટલી બોટલો ખાનગી હોસ્પિટલમાં આપવામાં આવી

રક્ત થકી માનવજાતને જીવતદાન મળે તેવા આશય હેઠળ રક્તદાન કેમ્પ યોજાયો

મોટી સંખ્યામાં રક્તદાતાઓ હાજર રહ્યા હતા

(પ્રતિનિધિ) દાહોદ, તા.20 માનવ સેવા ના કાર્યો ને વરેલી રોટરી ક્લબ ડાયમંડ દાહોદ, રાજ કૃપા નર્સિંગ કોલેજ,દાહોદ ના સયુંક્ત ઉપક્રમે અને ઝાયડસ હોસ્પિટલ દાહોદ ના સહયોગ થી રકતદાન કેમ્પ રાજ કૃપા નર્સિંગ કોલેજ , દાહોદ ખાતે યોજાયો. રક્ત દાન કેમ્પ નો પ્રારંભ રોટરી ક્લબ ડાયમંડ,દાહોદ ના પ્રમુખ રતનસિંગ બામણિયા અને પૂર્ણાહુતિ શ્રી રાજ કૃપા નર્સિંગ કોલેજ ના આચાર્યા સાનિયા બેરી રક્ત દાન કરી ને કરાઈ હતી.નર્સિંગ કોલેજ ના વિધાર્થીઓ અને રક્તદાતાઓ એ 20 જેટલી બોટલો ઝાયડસ હોસ્પિટલ દાહોદ ને આપવામાં આવી હતી. કેમ્પ માં ઉપસ્થિત મહેમાનો ઝાયડસ હોસ્પિટલ,દાહોદ ના સુપ્રીડેન્ટ ડો.શૈલેષભાઈ રાઠોડ , ડો.શિલ્પા શંખે,નગર પાલિકા ના ઉપપ્રમુખ જુગલબેન પંડ્યા,પૂર્વ પ્રમુખ સયુંક્તા બેન મોદી એ રક્ત શરીર નો સૌથી ઉપયોગી તરલ પદાર્થ છે.જે ઓક્સિજન અને પૌષ્ટિક તત્વો શરીર ના અંગો માં પહોંચાડી જીવિત રાખે છે. રક્ત નો કોઈજ પર્યાય ન હોઈ રક્ત દાન ખુબજ જરૂરી હોવાનું જણાવ્યું હતું. કેમ્પ ની વ્યવસ્થા કિરણ બેન ગોસ્વામી,જીગ્નેશ અગ્રવાલ, ક્લબ ના કોષાધ્યક્ષ વાસુદેવભાઈ મંગલાની , મહેશભાઈ બારિયા અને મોનિકાબેન પટેલે કરી હતી. કેમ્પ યોજવા માર્ગદર્શન, સંચાલન ક્લબ ના સહાયક ગવર્નર હીરાલાલ સોલંકી દ્વારા કરાયું હતું.

રવિવારે પાવાગઢ મહાકાળી ધામમાં ભારે ભીડ

પાવાગઢમાં ભક્તોનો મહાસાગર, "જય માતાજી"ના નાદથી ગુંજી ઉઠ્યું મંદિર પરિસર

(પ્રતિનિધિ) હાલોલ, તા.20 ગુજરાત તેમજ અન્ય રાજ્યમાંથી માંથી હજારો શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચ્યા, ભીડને નિયંત્રિત કરવા પોલીસ તંત્ર ખડે પગે સજ્જ હતી પંચમહાલ જિલ્લાના વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે રવિવારના રજાના દિવસે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. વહેલી સવારથી જ મહાકાળી માતાના દર્શન માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પાવાગઢ પહોંચતા મંદિર પરિસર અને આસપાસનો વિસ્તાર ભક્તિમય માહોલથી છવાઈ ગયો હતો. રજાના દિવસને કારણે ગુજરાતના વિવિધ જિલ્લાઓ ઉપરાંત અન્ય વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં ભક્તો માતાજીના દર્શન કરવા માટે ઉમટી પડ્યા હતા. વહેલી સવારથી જ દર્શન માટે લાંબી કતારો લાગી હતી.

ભક્તોએ કલાકો સુધી કતારમાં ઊભા રહી શ્રદ્ધાપૂર્વક માતાજીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. મંદિર પરિસરમાં સતત "જય માતાજી"ના જયઘોષ સંભળાતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. પરિવાર સાથે આવેલા યાત્રિકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અનેક ભક્તોએ પૂજા-અર્ચના કરી માતાજીના ચરણોમાં પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી હતી. યાત્રિકોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને પોલીસ વિભાગ દ્વારા વિશેષ સુરક્ષા અને વ્યવસ્થા કરવામાં આવી હતી.

ગોધરામાં સંસ્કાર ભારતી દ્વારા રંગોળી તાલીમ વર્ગનું આયોજન

(પ્રતિનિધિ) ગોધરા, તા.20 સંસ્કારભારતી પંચમહાલ જિલ્લા સમિતિના ઉપક્રમે ગોધરા અને સમગ્ર જિલ્લાના કલાપ્રેમીઓ માટે આગામી ઓગસ્ટ માસમાં એક દિવસીય ભૂ-અલંકરણ એટલે કે રંગોળીના તાલીમ વર્ગનું આયોજન ગોધરાનગર ખાતે કરવામાં આવનાર છે.

આ કાર્યશાળાનો મુખ્ય હેતુ સ્થાનિક કલાકારો અને રંગોળીના શોખીનોને પોતાની કલા નિખારવા માટે યોગ્ય મંચ પૂરો પાડવાનો છે. આ એક દિવસીય વિશેષ તાલીમ વર્ગમાં અમદાવાદથી ખાસ આમંત્રિત રંગોળીના તજજ્ઞ કલાગુરુઓ ઉપસ્થિત રહેશે. તેઓ તાલીમાર્થીઓને રંગોળી કલાની વિવિધ શૈલીઓ, નવીન પદ્ધતિઓ અને તેની બારીકાઈઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડશે. ગોધરા અને આસપાસના વિસ્તારોના કલાપ્રેમીઓ માટે તજજ્ઞો પાસેથી સીધું માર્ગદર્શન મેળવવાની આ એક ઉત્તમ તક છે. આ તાલીમ વર્ગમાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ પોતાનું રજિસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે. આ કાર્યશાળા અંગેની વધુ માહિતી મેળવવા તેમજ રજિસ્ટ્રેશન કરાવવા માટે આયોજકો દ્વારા સંપર્ક નંબર જાહેર કરવામાં આવ્યા છે. રસ ધરાવતા કલાપ્રેમીઓ કુમાર જૈમિનિ શાસ્ત્રીનો મો. 94285 50543 પર, વૈદેહી દાણીનો મો. 8511114456 પર અથવા અનિતા બારિયાનો મો. 8469759685 પર સંપર્ક કરીને પોતાની નોંધણી કરાવી શકે છે.

ત્રણ પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મળ્યો લાભ

રોટરી ક્લબ ઓફ હાલોલે ૫૦૦ વિદ્યાર્થીઓને ૧,૫૦૦ નોટબુકો આપી

શિક્ષણ ક્ષેત્રે સામાજિક સેવા માટે રોટરીની અનોખી પહેલ

(પ્રતિનિધિ) હાલોલ, તા.20 રોટરી ક્લબ ઓફ હાલોલ દ્વારા શિક્ષણ સેવાના એક મહત્વપૂર્ણ પ્રકલ્પ અંતર્ગત ઘોડી પ્રાથમિક શાળા, નૂરપુરા પ્રાથમિક શાળા તથા નાયકા ફળિયા પ્રાથમિક શાળાના કુલ 500 જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને 1500 નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતુ.આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ હાલોલના પ્રમુખ રોટે.હાર્દિક જોશીપુરા, ક્લબના સભ્યો રો. શીતલભાઈ પટેલ, રો. ડૉ. સંજયભાઈ પટેલ તથા રો. વિપુલભાઈ રાણા પણ ઉપસ્થિત રહ્યા અને તેઓ દ્વારા વિદ્યાર્થીઓને નોટબુકોનું વિતરણ કર્યું હતું.આ પ્રસંગે ક્લબના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે શિક્ષણ એ સમાજના વિકાસનો પાયો છે અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરી શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ કરાવવી એ રોટરીની સમાજસેવાની ભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે. વિદ્યાર્થીઓએ પણ આ સહાય બદલ રોટરી ક્લબ ઓફ હાલોલનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.આ સેવા પ્રકલ્પ દ્વારા રોટરી ક્લબ ઓફ હાલોલે શિક્ષણ ક્ષેત્રે પોતાની સામાજિક પ્રતિબદ્ધતાને વધુ એક વખત સાબિત કરી છે અને ભવિષ્યમાં પણ આવા લોકોપયોગી સેવા કાર્યો સતત ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

દાહોદ તાલુકાના કઠલા ગામ પાસેનો ગમખ્વાર બનાવ

એક્સ.યુ.વી કાર કઠલા પીકપ સ્ટેન્ડમાં ઘૂસી જતા ગાડીના ચાલક સહિત બે જણાના મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.20 દાહોદ શહેરના ગોધરા રોડ ખાતે ની પુષ્ટિનગર સોસાયટીમાં રહેતા અંકિતભાઈ જયંતીલાલ ચોક્સીના પુત્ર ૨૫વર્ષીય ચાર્મીલભાઈ ચોક્સી ગઈકાલે રાત્રિના અગિયારેક વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી હું મારા મિત્ર સાથે ફરવા જાઉં છું તેમ કહી તેના પિતાની જીજે ૨૦ એ.ક્યુ-૫૯૭૮ નંબરની કાળા કલરની મહિન્દ્રાકંપનીન ઠેફ ૭૦૦ કાર લઈને ઘરેથી નીકળી ગયા હતા. અને રાત્રિના લગભગ બે સવા બે વાગ્યાના સમયે પરત દાહોદ આવી રહ્યા હતા તે વખતે ગાડીની ક્ષમતા કરતાં વધુ પડતી ઝડપ અને ચાલકની ગફલતને કારણે ચાલકે કારના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા રસ્તામાં કાર કઠલા ગામના પિકઅપ બસ સ્ટેન્ડમાં ઘૂસી ગઈ હતી. અને પીકપ બસ સ્ટેન્ડમાં સુઈ રહેલ અજાણ્યા ઈસમ પર ફરી વળી હતી. જેથી તેને ગંભીર જીવલેણ ઈજાઓ થવા પામી હતી. જયારે કાર ચલાવી રહેલ ચાર્મીલભાઈ કારમાં દબાઈ જતા તેઓને પણ ગંભીર જીવલેણ ઈજાઓ થઈ હતી. કારમાં બેઠલ ચાર્મીલ ભાઈના મિત્ર રુદ્ર દરજીને પણ માથામાં તથા શરીર ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઘટનાની જાણ થતા જ કતવારા પોલીસ તાબડતોબ ઘટના સ્થળે દોડી આવી હતી અને ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરતા ફાયર બ્રિગેડની ટીમ પણ ઘટના સ્થળે તાત્કાલિક દોડી આવી હતી અને ગંભીર ઈજાગ્રસ્ત ચાર્મિલભાઈને કારમાંથી પતરું કાપીને બહાર કાઢવામાં આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી વાન બોલાવી તે મારફતે ત્રણેય ગંભીર ઈજાગ્રસ્તોને દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા ડો દ્વારા ચોમિલ ભાઈ તેમજ અજાણ્યા ગંભીર ઈજાગ્રસ્તને તપાસી મરણ ગયેલ જાહેર કર્યા હતા. જયારે રુદ્રભાઈ દરજીને સારવાર અર્થે ઝાયડસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘટનાની જાણ દાહોદમાં થતા જ મરણ જનાર ચાર્મીલભાઈ ચોકસીના પરિવાર જનો તેમજ સગાવહાલાઓ દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

ધુરંધરોના દબાણની એસીતેસી કરી દેવગઢબારિયા પાલિકામાં અનુસૂચિત જાતિની મહિલાએ કોંગ્રેસના બેનર તળે ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું

પ્રતિષ્ઠાનો જંગ બનેલી બારીયા પાલિકાની ચૂંટણીમાં ભાજપ માટે કપરા ચઢાણ

(પ્રતિનિધિ) દાહોદ, તા.20 દે.બારિયાના ધુરંધરોના એકધારા સતત દબાણની ઐસી તૈસી કરી દેવગઢ બારિયા નગરપાલિકા. ની પેટા ચૂંટણીમાં નગરજનોના ઘરે ઘરે જઈ કચરો એકત્રિત કરવાની નોકરી કરતી અનુસૂચિત જાતિની એક મહિલાએ કોંગ્રેસના બેનર તળે ચૂંટણી જંગમાં ઝંપલાવતા દેવગઢ બારીયા નગરપાલિકા ની પેટા ચૂંટણીમાં આ વખતે એક અનોખું અને ચર્ચા પદ ચિત્ર સામે આવ્યું છે.

આ અનુસૂચિત જાતિની મહિલા લક્ષ્મીબેન મુકેશભાઈ હરિજનને કોંગ્રેસે પોતાના બેનર તળે વોર્ડ નંબર-૫ માંથી ઉમેદવાર તરીકે ચૂંટણીના મેદાનમાં ઉતાર્યા છે. બારીયા નગરપાલિકામાં ગત દિવસો પ્રજાના મતે ચૂંટાયેલા છ જેટલા કાઉન્સિલરોએ બળવો કરતા તે તમામ બળવાખોર કાઉન્સિલરોને પક્ષમાંથી અને કાઉન્સિલર પદેથી પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્ય હતા જેથી દેવગઢબારીયા નગરપાલિકામાં ખાલી પડેલી છ બેઠકો માટે આગામી ૨૮મી જુલાઈના રોજ યોજાનાર પેટા ચૂંટણી માટે ફોર્મ ભરાઈ ગયા, ફોર્મ ચકાસણી તેમજ પરત ખેંચવાની તારીખ પણ જતી રહી, અને ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બન્યું.

આ વખતે પક્ષની અંદર ખાનેની સમજાવટથી આખે આખી ચૂંટણી નુ પરિણામ બદલી શકે તેવા ધુરંધર નીલ સોનીએ આ પેટા ચૂંટણીમાં પોતાનું ફોર્મ ભર્યું હતું અને ચૂંટણી થી અળગા રહ્યા છે. જ્યારે બીજી બાજુ ભાજપના ઉમેદવારને હરાવવા કોંગ્રેસ અને દેવગઢ આપ પાર્ટીએ હાથ મિલાવી લેતા ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ બની ગયેલી દેવગઢબારિયા નગર પાલિકાની આ પેટા ચૂંટણી જીતવી અત્યંત અઘરી થઈ પડી હોવાનું રાજકીય તજજ્ઞો માની રહ્યા છે. બારીયા નગરપાલિકા ની આ પેટા ચૂંટણીમાં કોંગ્રેસના બેનર તળે વોર્ડ નંબર પાંચમાંથી ચૂંટણી જંગમાં ઉતરેલા લક્ષ્મીબેન મુકેશભાઈ હરિજન વર્ષોથી નગરના અનેક વિસ્તારોમાં દરરોજ સવારે લોકોના દરવાજે પહોંચી કચરો એકત્રિત કરવાની ફરજ બજાવતા હોવાથી તેઓ નગરજનોમાં સારી ઓળખ ધરાવતા હોવાથી લક્ષ્મીબેન ચુંટણી ઉમેદવાર તરીકે ઘરે ઘરે જઈ મતદારોના આશીર્વાદ અને મત માંગશે તે નક્કી છે.